

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદ : છવ્વીસમું જ્ઞાનસત્ર

સ્થળ : મોડાસા (જિ. સાબરકાંઠા) તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર-૨૦૧૦
યજમાન સંસ્થા : એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, (મોડાસા)
જ્ઞાનસત્ર અધ્યક્ષ : શ્રી ભગવતીકુમાર શર્મા

### જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ

**પહેલી બેઠક** : તા. ૨૪-૧૨-૨૦૧૦, શુક્રવાર, બપોરના ૨-૩૦થી ૫-૧૫

**ઉદ્‌ઘાટન બેઠક**

દીપપ્રાકટ્ય : પૂ. મોરારિબાપુ (મહુવા)
સ્વાગત : ડૉ. એ. એન. શાહ
સ્વાગત સમિતિપ્રમુખ : ડૉ. શ્રીરામ સોની
પરિષદ વહીવટી મંત્રી : રાજેન્દ્ર પટેલ
પ્રાસંગિક : ભોળાભાઈ પટેલ
રઘુવીર ચૌધરી
હેમાક્ષીબહેન રાવ
આશીર્વચન : પૂ. મોરારિબાપુ
અધ્યક્ષ : ભગવતીકુમાર શર્મા
આભાર : અનિલાબહેન દલાલ

વિરામ-ભોજન
સાંજે ૬.૩૦થી ૮.૦૦

**બીજી બેઠક** : રાત્રે ૮.૦૦થી ૮.૪૫ પારિતોષિક વિતરણ
સંચાલન : પ્રફુલ્લ રાવલ
અધ્યક્ષ : ભગવતીકુમાર શર્મા

**ત્રીજી બેઠક** : રાત્રે ૯.૦૦થી ૧૦.૦૦ કાવ્યાસ્વાદ
ઉમાશંકર જોશી કવિતા : પાઠ અને ગાન
પ્રસ્તુતિ : અમર ભટ્ટ અને વૃંદ
અધ્યક્ષ : નીતિન વડગામા

તા. ૨૫-૧૨-૨૦૧૦, શનિવાર
સવારે ૮.૦૦થી ૯.૦૦ ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક તથા મધ્યસ્થ સમિતિ સંયુક્ત બેઠક



**ચોથી બેઠક** : ૯.૦૦થી ૧.૦૦
સર્જક વિશેષ : ઉમાશંકર જોશીનું વિવેચન-સંશોધન
અધ્યક્ષ : શિરીષ પંચાલ
શૈલી અને સ્વરૂપ : અશ્વિન દેસાઈ
સંસ્કૃત સાહિત્યની વિવેચના : ભોળાભાઈ પટેલ
મધ્યકાલીન સાહિત્યનું વિવેચન અને સંશોધન : નરોત્તમ પલાણ
સમકાલીન કવિતા ને કૃતિનિષ્ઠ વિવેચન : ઉષા ઉપાધ્યાય
સંચાલન : રાજેન્દ્ર પટેલ

**પાંચમી બેઠક** : બપોરના ૩.૦૦થી ૬.૦૦
બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૦૮-૨૦૦૯)
અધ્યક્ષ : રતિલાલ બોરીસાગર
કવિતા : અનિરુદ્ધસિંહ ગોહિલ
નાટક : કવિત શુક્લ
નવલકથા : રાજેન્દ્રસિંહ ગોહિલ, વિપુલ પુરોહિત
ટૂંકી વાર્તા : પન્ના ત્રિવેદી
નિબંધ : વિનોદ ગાંધી
બાળસાહિત્ય : યશવંત મહેતા
વિવેચન, સંશોધન, સંપાદન : યોગેન્દ્ર પારેખ
અનુવાદ : હેમાંગ દેસાઈ
સંચાલન : નીતિન વડગામા

રાત્રિબેઠક : રાત્રે ૯.૦૦થી યજમાન સંસ્થા આયોજિત કાર્યક્રમ
તા. ૨૬-૧૨-૧૦, રવિવાર

**છઠ્ઠી બેઠક** : સવારે ૮.૦૦થી ૧૦.૧૫
સાહિત્યસ્વરૂપ : ટૂંકી વાર્તા – છેલ્લા ત્રણ દાયકાની ટૂંકી વાર્તાની ઉપલબ્ધિ
અધ્યક્ષ : શરીફા વીજળીવાળા
કાલ અને આજ : મણિલાલ હ. પટેલ
સ્વરૂપ : અજય રાવલ
પ્રવાહ : દર્શન : જગદીશ ગૂર્જર
સંચાલન : જનક નાયક

**સાતમી બેઠક** : બપોરના ૧૦.૩૦થી ૧૨.૪૫

ઉત્તર ગુજરાત લોકસાહિત્ય અને આદિવાસી પરંપરાઓના વિશેષ સંદર્ભમાં

અધ્યક્ષ : ડૉ. ભગવાનદાસ પટેલ

ઉત્તર ગુજરાતનાં લોકગીતો : ડૉ. અમૃત પટેલ

આદિવાસી લોકમહાકાવ્યો : પ્રા. પ્રેમજી પટેલ

લોકગીતોની ભાષા અને વ્યંગાર્થો : ડૉ. દીપક રાવલ

સંચાલન : કીર્તિદા શાહ

યજમાન સંસ્થા તરફથી સાહિત્યની બેઠક

**આઠમી બેઠક** : ૧૨-૪૫થી ૨.૩૦

સમાપન બેઠક : રાજેન્દ્ર પટેલ, દક્ષેશ ઠાકર

**નોંધ :** (૧) જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતાં સૌ તા. ૧૫-૧૨-૨૦૧૦ સુધીમાં ભોજન ઉતારા-ફી અને પ્રતિનિધિ શુલ્કના રૂ. ૩૦૦/- તથા વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫૦/- ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય, અમદાવાદને **તા. ૧૫-૧૨-૨૦૧૦** સુધીમાં મોકલી આપવા વિનંતી.

S

## 'વાંચે ગુજરાત' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રેરિત કાર્યક્રમો

ગુજરાતી સાહિત્ય પરિષદ અને જિલ્લા ગ્રંથાલય, નડિયાદના ઉપક્રમે નડિયાદની બિલોદરાની જિલ્લા જેલમાં હસિતભાઈ મહેતા, હસમુખભાઈ શાહ, પ્રફુલ્લ ભારતીય, હરીશ ઠાકર અને હિતેન્દ્ર જોશીએ કાવ્યપઠન કર્યું હતું. ૮૦૦ જેટલા કેદીઓ તેમાં સહભાગી બની સાહિત્યનો રસાસ્વાદ માણ્યો હતો. તા. ૬-૧૧-૨૦૧૦ને દિપાવલીના પર્વ દિને સુરેન્દ્રનગર સબજેલમાં અગ્રણી સાહિત્યકારો સર્વશ્રી ચંદ્રકાન્ત વ્યાસ, રમેશ આચાર્ય, બી. કે. રાઠોડ, તલકશી પરેપેર, વીરેન્દ્ર આચાર્ય, પુનિત પંડ્યા, નરેન્દ્ર રાવલ અને દર્શક આચાર્યએ કવિતા અને વાર્તાપઠન કર્યું હતું. તા. ૬-૧૧-૧૦ના રોજ શ્રી ઉત્પલ પટેલની અધ્યક્ષતામાં જાણીતા સાહિત્યકારોએ હિંમતનગર સબજેલમાં પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૬-૧૧-૧૦ના રોજ સુરત સબ જેલમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્માના આશીર્વચન બાદ ધ્વનિલ પારેખના સંચાલન હેઠળ શ્રી રવીન્દ્ર પારેખે હાસ્યલેખ અને અછાંદસ કાવ્ય, બકુલેશ દેસાઈએ સંસ્મરણાત્મક અને હળવો લેખ અને સ્મિતા પારેખે સ્વરચિત નવલિકા રજૂ કર્યા હતાં. તા. ૨૩-૧૦-૨૦૧૦ના રોજ પાલનપુર સબજેલમાં શ્રી દીપક રાવલે કવિ-સંમેલનનું આયોજન કર્યું હતું. સર્વશ્રી મુસાફિર પાલનપુરી, મહેશ મકવાણા, પ્રા. એ. ટી. સિંધી કિશોરભાઈ પટેલ અને સમી ઉલ્લાહે કાવ્યપઠન કર્યું હતું. આ ઉપરાંત જેલના કેદીભાઈઓ શ્રી આશિષ પંડ્યા, પ્રવીણ જેઠવા, અમિત સોની અને દિનેશ ઉપાધ્યાયે પણ પોતાની રચનાઓ રજૂ કરી હતી. તા. ૬-૭ ઑગસ્ટ ૨૦૧૦ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વિવિધ કૉલેજો અને અનુસ્નાતક ભવનોમાં ૧૪૯ જેટલા વક્તાઓએ 'મને ગમતું પુસ્તક' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. એક સાથે આટલાં સ્થળોએ આ કાર્યક્રમો યોજાયાં એના સંયોજક શ્રી નીતિન વડગામા હતા. તા. ૨૦-૭-૧૦ના રોજ શ્રી મનોહર ત્રિવેદીના માર્ગદર્શનમાં શ્રી પ્રવીણભાઈ સરવૈયાએ શ્રી વિષ્ણુપ્રકાશ સ્વામીની વિશેષ ઉપસ્થિતિમાં મરાઠી લેખક વ્યંકટેશ માંડગુલકરની નવલકથા 'બનગરવાડી' વિશેનું વ્યાખ્યાન જે. કે. એલ. કૉલેજ, ગારિયાધરમાં અને દાસભાઈ રામાનુજે 'રામાયણ-મહાભારતનાં પાત્રો' વિશે શ્રી વાત્સલ્યધામ લોકશાળા, માલપરામાં વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૧૨-૮-૧૦ના રોજ પ્રો. અજિત ઠાકોરે કવિ ભાસ રચિત 'કર્ણભારમ્' નાટક વિશે આર્ટ્સ કૉલેજ, આંકલાવમાં વાર્તાલાપ કર્યો હતો.

S

## સાહિત્યસિદ્ધાન્તશ્રેણી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત યોજાતી વ્યાખ્યાનશ્રેણી પૈકીનું છઠ્ઠું વ્યાખ્યાન 'સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટર' વિષય પર ૧૫-૧૦-૨૦૧૦ ને શુક્રવારે સાંજે ૬.૦૨ કલાકે યોજાયું. જેમાં નાટ્યવિદ્ શ્રી ડૉ. મહેશ ચંપકલાલે ખૂબ જ ઓછા સમયમાં સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટર વિશે અથથી ઇતિ સુધીની વિશદ વિચારણા પ્રગટ કરી.

વક્તવ્યના આરંભે મહેશભાઈએ સંસ્કૃત રંગભૂમિની આયોજનાને વિગતવાર ઝીણવટપૂર્વક મૂકી આપી. વળી, મહેશભાઈએ સંસ્કૃત રંગભૂમિ અને ભારતીય પરંપરાની સરખામણી પણ કરી. તેમણે ગ્રીક થિયેટરની વિભાવના રજૂ કરી, સંસ્કૃત રંગભૂમિ અને ગ્રીક થિયેટરમાં આયોજનની દૃષ્ટિએ રહેલી વિશિષ્ટતાને તારવી આપી.

આમ, બંધ નાટ્યગૃહની સંસ્કૃત રંગભૂમિ અને નભને છત્ર બનાવીને રચાતાં નાટકોનું ગ્રીક થિયેટર – બંને વિશેનો પરિચય પ્રભાવક રીતે તેમણે રજૂ કરી આપ્યો. પ્રસ્તુત વ્યાખ્યાનનો લાભ સિત્તેરેક શ્રોતાગણશ્રીઓએ લીધો. વ્યાખ્યાનના અંતે પ્રશ્નોત્તરીમાં શ્રી ભગવાનદાસ પટેલે 'ગૌરી' નામના આદિવાસી લોકનાટ્યની વાત રજૂ કરી. તેમાં પણ બધાને રસ પડ્યો.

આવા અવનવા રસોની સાહિત્ય સિદ્ધાંતશ્રેણીમાં ગુજરાતીના બધા જ અધ્યાપકો જોડાય તો આ વ્યાખ્યાનશ્રેણીને સુંદર 'કલગી' મળી રહે તે ચોક્કસ.

**– વિભા કે. ત્રિવેદી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ અને નારાયણ વિદ્યાવિહાર – ભરૂચના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સફળ આત્મકથાસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદ અને નારાયણ વિદ્યાવિહાર – ભરૂચના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮ અને ૧૯ ઑક્ટોબર ૨૦૧૦ના દિવસોમાં 'આત્મકથા સત્ર' નારાયણ વિદ્યાવિહાર – ભરૂચમાં યોજાયું. જેમાં સાહિત્યસર્જકો, વિવેચકો, આત્મકથાસત્રના રસિક જિજ્ઞાસુઓમાંથી સૌ કોઈએ કંઈક – કિમપિ દ્રવ્ય – ઉરે સંચિત કરી લીધું. – એટલું 'મધુ' એ આયોજન અને વક્તવ્યોમાં હતું.

ઉદ્‌ઘાટનબેઠકના અધ્યક્ષ શ્રી ભગવતીકુમાર શર્મા હતા. ઉદ્‌ઘાટક શ્રી ગુણવંત શાહે આત્મકથાને, કવિ ઑડેનના શબ્દોમાં 'Critical Truthful self-study' તરીકે ઓળખાવીને ભારતીય પરંપરામાં આત્મકથાલેખન-પ્રકાશન માટે ખાસ્સો સંકોચ રહ્યો. એવો નિર્દેશ કર્યો હતો. 'સત્યના પ્રયોગ' વિશે કહ્યું હતું કે : 'એ તો મહાત્મા ગાંધી મો. ક. ગાંધી વિશે લખી રહ્યા છે.' આત્મકથાકારે આત્મશ્લાઘા, આત્મદયા અને આત્મનિંદાથી બચવાનું હોય છે. અનેક આત્મકથાકારો અને આત્મકથાઓના ઉલ્લેખ સાથે રસપ્રદ અને બોધપ્રદ રીતે આત્મકથાકારના દંભને સૌથી મોટો દુર્ગુણ અને સમતોલ સત્યકથન નિખાલસતાને સદ્‌ગુણ ગણાવ્યા. પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલે ભૂમિકા બાંધતાં 'સત્યના પ્રયોગો'નો ઉલ્લેખ કરી આત્મનિરીક્ષણ, પરીક્ષણ અને આત્મશોધનને આત્મકથાલેખનના હેતુ ગણાવ્યા અને આત્મકથાસત્રના આયોજક રવીન્દ્ર પારેખને ભાવપૂર્વક યાદ કર્યા હતા. શ્રી શિરીષ પંચાલે વિશેષ વક્તવ્ય આપતાં આત્મકથાને એક બાજુ ઇતિહાસ ને બીજી બાજુ સાહિત્ય એમ વચ્ચેનો પ્રકાર ગણાવ્યો. આત્મકથાકારના 'હું'ની ચર્ચા કરી હતી અને આત્મકથાનાયકના અન્યો સાથેના સંબંધોને તે સ્થળ-કાળ અને સમાજ સંદર્ભે જોવા જરૂરી છે એમ જણાવ્યું. 'ઉઠાવગીર' જેવી કૃતિ અને હિટલર-ચર્ચિલ અને સ્વાઇગ જેવા કર્તાઓના ઉલ્લેખોથી પોતાનાં કેટલાંક વિશેષ અવલોકનો રજૂ કર્યાં.

પ્રથમ દિવસની પ્રથમ બેઠકના અધ્યક્ષશ્રી ચંદ્રકાંત ટોપીવાળાએ આધુનિક ચિંતકો ફૂકો અને લકાંને ટાંકી, પરંપરાગત હાસ્યામાં રહેલો હું સમષ્ટિના કેન્દ્રમાં આવતો જાય છે, અને નારી, અશ્વેત અને દલિત ઉપેક્ષિત રહ્યાં નથી. હકીકતોના ઢગલામાંથી કોઈ એક Design કે Pattern ઉપજાવવા જેટલું કલાકૌશલ આત્મકથાકારે દર્શાવવું રહ્યું. શ્રી મણિલાલ હ. પટેલે વાસ્તવિકતાને હજાર મોઢાવાળી ગણાવીને આત્મકથાકારે તેને સંભાળવી રહી એમ કહ્યું અને વાસ્તવવાદીનો કલ્પનાવિહાર વાસ્તવમંડિત રહે તે જરૂરી લેખાવ્યું હતું. શ્રી ધીરેન્દ્ર મહેતાએ આત્મકથા અને સ્મૃતિ વચ્ચેનો સંબંધ મનોવિજ્ઞાનની ભૂમિકા પર સાહિત્યવિવેચક તરીકે માર્મિક અવલોકનો રજૂ કર્યાં હતાં. શ્રી શરદ ઠાકરે આત્મકથામાં કથા કેટલે અંશે સ્વીકાર્ય રહે તે વિચારમાં આત્મકથાનું સત્ય-હકીકતના કથાન'માં 'કલા હોવી જોઈએ' એમ ગઝલો ટાંકીને દર્શાવ્યું હતું. શ્રી નરોત્તમ વાળંદે આત્મકથા અને હાસ્યની વાત કરતાં અનેક ટુચકાઓ રજૂ કર્યા હતા.

પ્રથમ દિવસની બીજી બેઠકમાં આત્મકથાકારોએ કેફિયત રજૂ કરી હતી. અધ્યક્ષ શ્રી ગુણવંત શાહે 'બિલ્લો ટિલ્લો ટચ', શ્રી ચન્દ્રકાન્ત શેઠે 'ધૂળમાંની પગલીઓ', શ્રી રતિલાલ બોરીસાગરે 'એન્જોયગ્રાફી' અને ભગવતીકુમાર શર્માએ 'સુરત મુજ ઘાયલ ભૂમિ' વિશે કેફિયતો આપી હતી.

શ્રી રતિલાલ બોરીસાગરના અધ્યક્ષપદે શ્રી સંધ્યા ભટ્ટે ઉશનસ્‌કૃત 'સદ્‌માતાનો ખાંચો' અને શ્રી દક્ષા વ્યાસે 'જયંત પાઠકકૃત 'વનાંચલ' વિશે વક્તવ્ય આપ્યું હતું. બીજા દિવસની ચોથી બેઠકમાં અધ્યક્ષીય વક્તવ્ય આપતાં શ્રી પ્રવીણ દરજીએ અધ્યક્ષ તરીકે



આત્મકથા સ્વરૂપનાં અભ્યાસપ્રાપ્ત સૂઝ દાખવનારાં અવલોકનો રજૂ કર્યાં હતાં. શ્રી જગદીશ ગૂર્જરે 'મારી હકીકત'ની લાક્ષણિકતાઓ છતી કરી આપી. શ્રી રમેશ ઓઝાએ 'સ્મરણયાત્રા' શીર્ષક હેઠળ મરાઠી લેખક ગોપાય દાંડેકરની 'ભ્રમણકથા'નો પરિચય કરાવ્યો. શ્રી ઋજુતા ગાંધીએ શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથામાંથી કથાનાયકનું વ્યક્તિત્વ ઉપસાવી આપ્યું હતું. શ્રી અશ્વિન દેસાઈએ 'મણિલાલ નભુભાઈનું આત્મવૃત્તાંત' વિશે કથાનાયકના ચૈતસિક જગતની વિસ્તરતી ક્ષિતિજો અને ઊંચાઈ-ઊંડાઈ વચ્ચેનો આશ્ચર્ય-આઘાતપ્રેરક વિરોધ પોતાના વક્તવ્યમાં મૂર્ત કરી આપ્યો.

પાંચમી બેઠકમાં શ્રી જયદેવ શુક્લે 'સત્યના પ્રયોગો'ના કેટલાક ભાગને શુષ્ક ગણાવ્યો, તો અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્ત શેઠે એ મંતવ્યની ફેરતપાસ કરી. શ્રી હિમાંશી શેલતે 'જીવનનાં સંભારણાં'નો પરિચય કરાવતાં સ્ત્રીઓએ આત્મકથા લખવી જોઈએ એવો આગ્રહ સેવ્યો. શ્રી ધ્વનિલ પારેખે 'પંડિત સુખલાલજીની આત્મકથા' અને શ્રી મીનળ દવેએ 'અડધે રસ્તે'ના શ્રી ક. મા. મુનશીને તાદશ રૂપે રજૂ કરી એમના 'સ્વ'ને ઉપસાવી આપ્યો. સમાપન-બેઠકમાં શ્રી અશ્વિન દેસાઈએ તથા શ્રી કાલિકાબહેને પ્રતિભાવો રજૂ કર્યા.

નારાયણ વિદ્યાવિહારના કર્તાહર્તા શ્રી એ. કે. મોદીએ હરખ સાથે આત્મકથા-સત્રની ફલશ્રુતિ સંભાળતાં પરિષદનું જ્ઞાનસત્ર યોજવાની ઉત્સુકતા દાખવી. આચાર્યશ્રી મહેશ ઠાકર એમના તમામ કર્મચારીઓ તથા શ્રી પ્રકાશ નાયકના વૃંદના સંગીતથી આત્મકથા સત્ર યાદગાર બની રહ્યું.

**ડૉ. અશ્વિન દેસાઈ**

### પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત 'પાક્ષિકી'માં તા. ૧૨-૧૧-૨૦૧૦ના રોજ ભારતીય સાહિત્ય અકાદમી તરફથી પ્રવાસ અનુદાન હેઠળ ગોવાથી કોકણી નિબંધકાર શ્રી નમન સાંવત ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે તેમના નિબંધસંગ્રહ 'મુક્તમન'માંથી નિબંધોનું પઠન કર્યું હતું અને સાથે કોકણી સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. શ્રી રાજેન્દ્ર પટેલ અને શ્રી પ્રફુલ્લ રાવલે ગુજરાતી સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. ઉપસ્થિત ભાવકોએ નમનજીના નિબંધોનો આસ્વાદ માણ્યો હતો.

### બુધસભા

વિશ્વકવિતા કેન્દ્ર દ્વારા બુધસભા અંતર્ગત નીચેની તારીખોમાં કાર્યક્રમો યોજાયા હતા : તા. ૨૯-૯-૨૦૧૦ના રોજ રાજેન્દ્ર પટેલ દ્વારા અમેરિકન કવિ ડેરેક વોલ્કોટ ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તા. ૨૭-૧૦-૧૦ના રોજ પ્રફુલ્લ રાવલ દ્વારા કવિશ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

### સાબરમતી જેલમાં સાહિત્યનો કાર્યક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તા. ૬-૧૧-૨૦૧૦ના રોજ સાબરમતી જેલમાં

સાહિત્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રફુલ્લ રાવળ, મનીષ પાઠક, ભાવેશ ભટ્ટ, દક્ષા પટેલ તથા રાજેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. બંદીવાન ભાઈઓ સમક્ષ હૃદયસ્પર્શી રજૂઆત થઈ હતી. જેમાં કાવ્ય-વાર્તા અને નિબંધ રજૂ કરવામાં આવ્યાં હતાં.

S

**માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે મળેલ દાન**

| | |
|---|---|
| નારાયણવિદ્યાવિહાર, ભરૂચ | રૂ. ૧,૨૦૦/- |
| (શ્રી ગુણવંત શાહના વ્યાખ્યાન નિમિત્તે) | |

**ઉમાશંકર જોશી 'પરબ' વિશેષાંક માટે મળેલ દાન**

| | |
|---|---|
| કાંચનાર ટ્રસ્ટ, વડોદરા | રૂ. ૧૦,૦૦૦/- |

**વ્યાખ્યાન તથા સાહિત્યસત્રો માટે મળેલ દાન**

| | |
|---|---|
| ચિત્રકૂટધામ ટ્રસ્ટ, તલગાજરડા | રૂ. ૫૦,૦૦૦/- |

r